# Telephone conversation between President of India and President of Turkmenistan

October 15, 2020

## ભારતનાં રાષ્ટ્રપતિ અને તુર્કમેનિસ્તાનનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

ઓક્ટોબર 15, 2020

ભારતનાં રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદ પર આજે (15 ઓક્ટોબર 2020) તુર્કમેનિસ્તાનનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ગુરબાન્ગુલી બેર્ડિમુહામેદોવ તરફથી ટેલીફોન કૉલ આવ્યો હતા.

નેતાઓએ ઐતિહાસિક અને સાંસ્કૃતિક જોડાણોથી જોડાયેલા બન્ને દેશો વચ્ચેનાં સ્નેહપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ સંબંધોને આવકાર્યા હતા. તેઓએ વિવિધ ક્ષેત્રોમાં સહકારનાં સાતત્યપૂર્ણ વેગની સંતોષપૂર્વક નોંધ લીધી હતી.

નેતાઓ વ્યાપાર અને આર્થિક બાબતોમાં રહેલી વિપુલ સંભાવનાઓ પર એકમત થયા હતા અને ખાસ કરીને ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રમાં ભારત અને તુર્કમેનિસ્તાનની કંપનીઓ વચ્ચેનાં સંયુક્ત જોડાણની સફળતાની નોંધ લીધી હતી.

ભારતનાં રાષ્ટ્રપતિએ ટેલીફોન કૉલ કરવા બદલ અને ભારત સાથે દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવાની તેઓની વ્યક્તિગત પ્રતિબદ્ધતા બદલ તુર્કમેનિસ્તાનનાં રાષ્ટ્રપતિનો આભાર માન્યો હતો.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 15, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.